

## સલામી સવારની..

**સુપ્રભાતમ્**
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

*સરકારી સાણસામાં એ 'બેન્કો'ને પકડવા દો !*
*ને 'આપી દો લોન' ના આદેશમાં જકડવા દો !*
*ઉકળવા દો ચરૂ ખાયકીનો મિલી ભગતે -*
*ને પછી માલ્યાઓને વિદેશ સરકવા દો !*

**હાઈકુ**

*કમલં હતી -*
*સચિવાલય માથે -*
*હેડ - ઓફિસ!!*
*(કોરોના સીલ લાગ્યું!!)*

*નિવેદનોથી -*
*રહો 'સમાચાર'માં -*
*કોંગ્રેસ - નીતિ...*
*(નેતૃત્વ યુદ્ધ)*

### ચિંતન

*વયસઃ પરિણામેઽપિ યઃ ખલઃ ખલઃ એવ સઃ ।*
*સુપક્વમપિ માધુર્યં નોપયાતીન્દ્રરારુણમ્ ॥*

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

જે વ્યક્તિ દુષ્ટ છે, તે પરિપક્વ અવસ્થામાં પણ દુષ્ટ રહે છે તેમજ જે પ્રમાણે ઈન્દ્રાયણના ફળ પાકવા પર પણ મીઠા નથી હોતા કડવા જ રહે છે.

આવશ્યક નથી કે વ્યક્તિની આયુ વધવાની સાથે સાથે તેનો સ્વભાવ પણ બદલાય. અધિકાંશ વ્યક્તિ પોતાનો સ્વભાવ છોડવામાં અસમર્થ રહે છે.

### સુવિચાર

- તર્યા સાવ પાષાણ જે રામનામે તરે કેમ ના માનવી એ પ્રતાપે ? - **સમર્થસ્વામી રામદાસ**
- પાનખર એ પાંદડાંની સ્વતંત્રતાની ઋતુ છે - **સુરેશ દલાલ**
- ભૂખ કરગરે તે સાંભળો, નહીંતર તે હુમલો કરશે - **રતિલાલ 'અનિલ'**
- તમે દર્શન કરવા જાઓ છો, તે વાસ્તવમાં પ્રદર્શન હોય છે - **રોહિત શાહ**
- શ્લોક લખો કે ગાળ, પેન તટસ્થ જ રહે છે - **બી એન દસ્તૂર**
- તમારી પાસે કોઈ વફાદારી માંગે તો તેને કૂતરો આપી દો - **ચંદ્રકાન્ત બક્ષી**
- આજનું ઔષધ : બીલીના ફળના ગરને પાણીમાં ઉકાળી ઠંડુ કરી તે પાણીના કોગળા કરવાથી મોઢામાં ચાંદા મટે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક માણસે સંત પાસે જઈને ફરિયાદનો ઢગલો કરીને કહ્યું, 'મારા કારખાનામાં કામ કરતા કર્મચારીઓ મને છેતરે છે... મારા ઘરના સૌ જન સ્વાર્થના સગા લાગે છે. દુનિયા આખી સાવ જુઠ્ઠી છે.' સંતે એ માણસને એક વાર્તા કહી... 'એક ગામમાં વચ્ચોવચ્ચ એક મોટો ખંડ હતો. એક મોટા ખંડમાં મોટા કદના ચારે દિવલો પર મઢેલા હતા. આટલા બધા પ્રતિબિંબ જોઈને બાળકી ખુશ ખુશ થઈ જાતી. બાળકી ત્યાં તાળી પાડે સામે ઘણા બધા બાળકો એની સાથે તાળી પાડે. એના માટે આ ખંડ જગતની સૌથી ખુશાલી વાળી સુંદર જગ્યા હતી. તેથી તે ત્યાં વારંવાર જાય.' એક દુખી અને જિંદગીથી હારી ગયેલો માણસ તે ખંડમાં જઈ ચડે છે. એણે ત્યાં જોયું કે હજારો પ્રતિબિંબો એની સામે તાકી રહ્યા છે. એ ભયભીત થયો. એણે પ્રતિબિંબને મારવા માટે હાથ ઉપાડ્યો સામે પેલા હજાર જણે પણ એને મારવા માટે હાથ ઉપાડ્યો; એણે માની લીધું કે આ ખંડ જગતની સૌથી ખરાબ જગ્યા છે આથી એ એલફેલ બોલી ત્યાંથી નીકળી ગયો.' વાર્તાનો સાર સમજાવતા સંતે કહ્યું, 'ભાઈ, આ જગત પણ આપણી આસપાસ અરીસા મઢેલો એક ખંડ છે. આપણા તરફથી જે આપવામાં આવે એવું જ સામા પક્ષેથી આપણને તરત મળે છે. અર્થાત્ 'જેવું વાવો તેવું લણો... જેવું કરો તેવું પામો...' માણસે સંતને વંદન કરી વિદાય લીધી.

# રાહુલ ગાંધીની તાજપોશીની તૈયારીઓ

**તંત્રીસ્થાનેથી...**

ધૃતરાષ્ટ્રને જ પુત્રમોહ હતો એમ કહેવાથી મહાભારતના એ દુખિયારા પાત્રને અન્યાય થશે. 'અપત્ય' એટલે સંતાન. અપત્યમોહ એ સંપૂર્ણપણે સાહજિક અને સામાજિક માનસિકતા છે. રાજામહારાજાઓથી ચાલી આવેલી આ પરંપરા લોકતંત્રમાં પણ અકબંધ રહી છે. થોડા વખત અગાઉ અમેરિકાના બટકબોલા રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું હતું કે અમેરિકાની પ્રથમ મહિલા રાષ્ટ્રપ્રમુખ થવા માટે મારી સુપુત્રી ઈવાન્કા સંપૂર્ણપણે લાયક છે. સોનિયા ગાંધી માટે રાહુલ અને પ્રિયંકા બેઉ સરખાં હોવા જોઈએ. પરંતુ પુત્રને હંમેશાં પુત્રી કરતાં વિશેષ મહત્ત્વ અપાતું રહ્યું છે એ પરંપરા મુજબ સોનિયા રાજકારણમાં નિષ્ફળ ગયેલા રાહુલ ગાંધીને જ સતત આગળ ધરતાં રહ્યા છે. પુત્રને અવઢવ અનુભવતો જોયો એ પછી ગત લોકસભાની ચૂંટણીમાં પુત્રી પ્રિયંકાને પણ પાર્ટીનું મહામંત્રીપદ સોંપી રાજકારણમાં સક્રિય કરી હતી. ઈંદિરા ગાંધીએ એમના બેઉ પુત્રોને વારાફરતી કોંગ્રેસના સર્વેસર્વા બનાવી દીધા હતા. સંજય ગાંધીનું અકાળ અવસાન થતાં પુત્રવધૂ સોનિયાની નારાજગી વહોરીને પાઈલટ પુત્ર રાજીવને તેડાવી લીધા હતા જે એમના મૃત્યુ પછી વડપ્રધાનપદે આરૂઢ થયા હતા. આ વંશાનુગત રાજકારણ અન્ય રાષ્ટ્રોમાં પણ નથી એવું નહીં કરી શકાય. આપણા પાડોશી રાષ્ટ્રોમાં પાકિસ્તાન અને બાંગ્લાદેશમાં પારિવારિક રાજકારણનો જ દબદબો છે. સોનિયા ગાંધી કોઈ પણ રીતે રાહુલ ગાંધીને જ આગળ ધરવા કૃતસંકલ્પ રહ્યા છે. એટલા માટે તો એમણે પ્રણવ મુખર્જી જેવા પ્રગલ્ભ નેતાને વેળાસર રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવી કહ્યાગરા કથ જેવા મનમોહનસિંહ પછીના દેશના સુકાની તરીકે રાહુલ ગાંધીનો માર્ગ 'ક્લિયર' કરી દીધો હતો. પરંતુ સોનિયા ગાંધી કે મનમોહન અને રાહુલ ગાંધીની ત્રિપુટી કોંગ્રેસને સત્તાની નજીક તો શું, અધિકૃત વિપક્ષ તરીકે પણ પ્રસ્થાપિત ન કરી શકી એથી રાહુલ ગાંધી કોંગ્રેસ માટેના 'પીએમ ઈન વેઈટીંગ' જ બની રહ્યા. છેલ્લી લોકસભાની ચૂંટણીમાં તો સ્ટારપ્રચારક ઉપરાંત તેઓ વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે જ પ્રોજેક્ટ કરાયા હતા, ભલે ખુલ્લી રીતે એ પોતાના મોઢે એ વાત ન કરતા હોય. એમાં ઊંધા માટે પટકાયા પછી રાહુલ ગાંધી પરાજયની જવાબદારી પોતાના શિરે લઈ પક્ષના પ્રમુખ પદેથી ખસી ગયા હતા.

કોંગ્રેસની રચના જ એ પ્રકારે થઈ છે કે સૂર્યની આસપાસ બધા ગ્રહો ફેરફુદરડી માર્યા કરે છે એમ નહેરુગાંધી પરિવારની આજુબાજુ બધા કહેવાતા 'નેતા'ઓ લટક્યા કરે છે. એટલે રાહુલ ગાંધીને પુનઃ સુકાન સંભાળી લેવાની કાકલૂદી કરનારા અમરિંદર સિંહ કે એ કે એન્ટોની જેવા કોંગ્રેસી નેતાઓનો તોટો નથી. કાર્યકારી પ્રમુખ તરીકે સોનિયા લગભગ નિષ્ક્રિય રહ્યા અને કોંગ્રેસ એના ઈતિહાસના સૌથી નીચા સ્તરે પહોંચી ગઈ એથી ગુલામનબી આઝાદ જેવા વરિષ્ઠ કોંગ્રેસી નેતાને કે ખુદ ગાંધી પરિવાર માટે 'અદાલતી ટ્રબલશૂટર' બની રહેલા કપિલ સિબ્બલને પાર્ટીને આ નામોશીભરી સ્થિતિમાંથી બહરા લાવવા સક્રિય અને પરિણામલક્ષી પ્રમુખની જરૂરિયાત જણાય છે. પરંતુ ૨૩ નેતાઓની સહી સાથે કાર્યકારી પાર્ટી પ્રમુખ સોનિયા ગાંધીને લખાયેલ પત્રને તો ભાજપ સાથે મળીને કરાઈ રહેલા ષડ્યંત્રનો ભાગ માની લેવાયું અને વર્કીંગ કમિટીની બેઠખમાં આ તમામ નેતાઓ વિરુદ્ધ નર્યું ઝેર ઓકાયું. આથી નારાજ થયેલા ગુલામનબી આઝાદ અને કપિલ સિબ્બલે પ્રેસ સમક્ષ સ્પષ્ટતા કરવા પ્રયાસ કર્યો એને પણ શિસ્તભંગ માની લેવાયો ! હવે સોનિયા ગાંધીએ એમની નવી ટીમમાંથી અત્યાર લગી અનિવાર્યપણે રાષ્ટ્રીય મહામંત્રી રહેલ ગુલામનબી જેવા નેતાને પડતા મૂક્યા છે અને વહાલાદવાલાની નીતિ મુજબ રણદીપ સૂરજેવાલાને બઢતી આપી છે. રાહુલના 'મેન્ટર' - રાજકીય ગુરુ દિગ્વિજયસિંહને પણ વર્કિંગ કમિટીમાં સ્થાન મળ્યું છે!

# આફત એ પાર્ટ ઓફ લાઇફ હોય છે!



**આરપાર**
રાઘવજી માધડ

તેઓ ઘડીભર સામે જોઈ ઉચાટ સાથે બોલ્યાઃ 'આવું ક્યાં સુધી ચાલતું રહેશે !?' પછી પોતે જ નક્કી કરેલો જવાબ બોલ્યાઃ'મને લાગે છેકે,અંત નહીં આવે !'આ દહેશત ખોટી નથી.કારણ કે કોરોના અંગે પ્રસ્તુત થતા આંકડાની માયાજાળ ભલભલાને ગોથું ખવરાવી દે તેવી છે.એક લીટીનું સત્ય,મહાભારતની કથા માફક રજુ થાય છે.ત્યારે સમજવું મુશ્કેલ પડે છે. અસત્યના ફકરા લખવા પડે,સત્યતો ટૂંકું ને ટચ જ હોય !

પણ જે છે તે આ છે.તેમાં દુઃખી થવું,રોદણાં રોવાં કે ફરિયાદ કરવી..! આ સ્થિતિમાં જીવવાનું અને તેના સામે સાવચેતી સાથે જીતવાનું છે.કોઈ કહે છેઃબહાર ન નીકળવા સાથે ખાવું, ફરવું, પહેરવું... બધું જ છૂટી,વછૂટી ગયું છે ! જિંદગી આગળ વધવાના બદલે સ્થિર ને બધિર થઈ ગઈ છે. બધું જ અસ્તવ્યસ્ત થઈ ગયું છે.ઉભી કરેલી દુનિયા છિન્નભિન્ન થઈ છે.પણ આ બધા વચ્ચે આપણે જીવીએ છીએ તે સૌથી મોટું સત્ય છે.કારણ કે આપણા ઘણાં સ્વજનો,કોરાનાના ખપ્પર હોમાઈ ગયા છે.અને મોતનો મલાજો રાખનારા આપણે ડરના માર્યા છેલ્લે તેઓનું મોં જોવા પણ જોઈ શક્યા નથી ! આ પણ નર્યું કે ઉઘાડું સત્ય છે.

એક વાતતો નક્કી થઈ ગઈ, કોરોના આગળ વિજ્ઞાનની હરણફાળ પણ હાલ પાણી ભરે છે !

આ મહામારીના લીધે અનેક સમસ્યાનો સામનો કરી રહ્યા છીએ તેની ના નહીં.પણ જગત આપણી ઈચ્છા, અપેક્ષા પ્રમાણે નહીં ચાલે. રહેવું હશેતો સાંપ્રત સ્થિતિ સ્વીકારવી પડશે.કોઈને નવો ચીલો પાડવાની છૂટ...પણ પછી જે પરિણામ આવે તે સ્વીકારી લેવું પડે.આ મહામારીની કોઈ સામે રાવ-ફરિયાદ કરવાથી ઉકેલ આવવાનો નથી. આ સમયે,પહાડમાંથી પ્રગટેલું ઝરણું અનેક અડચણો વચ્ચે પણ કલકલ નાદે વહેતું હોય છે... એવી રીતે જીવવાનું શીખે કે સ્વીકારે તે જંગ અને જગત જીત્યો ગણાય!

આજે આર્થિક વ્યવહાર અટવાઈ ગયો છે.લોકોનો તાલ તૂટી ગયો છે. ધંધા-રોજગાર ખોરવાઈ ગયા છે. આવક છૂટી ગઈ છે.જૂના કામે કોઈ બોલાવતું નથી અને નવા કામમાં ડર લાગે છે.બે છેડા ભેગાં કરવાની મહામથામણ ચાલી રહી છે. અરે... ન્યુઝ મુજબ કોઈ શિક્ષકે શાકભાજીની લારી ફેરવવાનું શરુ કર્યું છે...હા, પેટીયું રળવામાં વળી લાજ-શરમ શેની !? પણ આવક ઘટે ત્યારે જરૂરિયાતને પણ સમજપૂર્વક ઓછી કરવી પડે.એક સમયે પત્ર પછી લેન્ડલાઈન ફોનથી ચાલતું હતું ત્યાં, વ્યક્તિદીઠ મોબાઈલને તેમાં બે સીમકાર્ડ... ને ઈન્ટરનેટ વગરતો રઘવાયા થઈ જવાય... અરે વાહનોએ ઘર આગળ પાર્કિંગના પ્રશ્નો પણ ઊભા કર્યા છે !

આપણે ત્યાં કહેવત છે,પોદળો પડેતો પાંચ કાંકરા લેતો જાય..આ કોરોના જાશે પણ ઘણી સારી-ખરાબ અસર છોડતો જાશે.માનવીય મૂલ્યો,સંબંધો,રીત-રસમ, રોજિંદા વ્યવહારમાં ધાર્યા,અણધાર્યા ઘણાં બદલાવ આવશે. આપણા માનવામાં નહીં એવા નઘરોળ તથ્યો ને સત્યો લેણદાર માફક સામે આવીને ઊભા રહેશે.ખરાબ સમય નીકળી જાશે પણ ઘણાં સારા લોકોનાં સાચા ચહેરા બતાવતો જાશે...આ સત્યને સ્વીકાર વાની પણ માનસિક તૈયારી રાખવી પડશે.

આપણે સમય, સંજોગો, સ્થિતિ પ્રમાણે જીવતા શીખવું પડશે. જીવનરીતિને બદલવી પડશે. બેફામ બનતી જરૂરિયાતને લગામ રાખવી પડશે. ખરું પૂછો તો માણસ ભૌતિકતા લીધે આજે યંત્ર જેવો થતો જાય છેને યંત્ર માણસ જેવો...જૂનું સરનામું જડતું નથીને નવું સરનામું મળતું નથી.જે છે તેને સ્વીકારી, સમજપૂર્વક સામનો કરી જીવતા શીખવું પડશે, જે બેસ્ટને શ્રેષ્ઠ ઉપાય છે. અન્યથા દુઃખ ઉધાર લેવા જવું નહીં પડે !

**છેલ્લે :**

આ આફત એ પાર્ટ ઓફ લાઈફ છે પણ આફતને અવસરમાં બદલાવી તે આર્ટ ઓફ લાઈફ છે !

-ra_madhad13@yahoo.com

# શું તમે નિજાનંદ માટે લખો છો ? તો આ જરૂર વાંચો



**મોરપીંછના રંગ**
ડો. કનૈયાલાલ ભટ્ટ

સાહિત્ય અને સોશિયલ મીડિયાનો નશો કરવા અંગેના મારા ગયા રવિવારના લેખ સંદર્ભે ઘણા પ્રતિભાવો અને પ્રત્યાઘાતો મને મળ્યા છે. આ બધામાંથી એક સૂર સરખો સંભળાયો કે ''અમે તો નિજાનંદ માટે લખીએ છીએ'' તો આજે આ નિજાનંદ વિશે થોડી વાતો કરીશું. નિજાનંદ માટે લખવું જ જોઈએ. લખવાથી મન હળવું થાય છે. નવી ઊર્જા મળે છે. અનેક લોકો આજે પણ ડાયરી લખતા હશે. ના લખતા હોય તો લખવાની ટેવ પાડવી જોઈએ. કેમ કે ડાયરી પાછળના વર્ષોમાં ખૂબ સુખ આપે છે. હું પણ વર્ષોથી ડાયરી લખું છું. જે મને આનંદ આપે છે.

શાસ્ત્રોમાં સાહિત્યની પ્રયુક્તિઓમાં એક પ્રયુક્તિ 'આનંદ' છે. જેને ઘણા મિત્રો નિજાનંદ સમજે છે. આ આનંદ નિજાનંદ પણ છે અને સામાજિક પણ છે. કારણ કે સાહિત્યને સમાજ સામે વ્યક્ત કરવામાં આવે છે. અભિવ્યક્ત કરવામાં આવે છે. ત્યારે આપણો આનંદ સાર્વજનિક બને છે. અને બનવો પણ જોઈએ. વળી માત્ર નિજાનંદ માટે લખેલું '' લખાણ '' અને સાહિત્યતત્વને ધ્યાનમાં રાખીને લખેલું '' સાહિત્યિક લખાણ '' પણ નિજાનંદ આપતું હોય છે. પરંતુ માત્ર વ્યક્તિગત - નિજાનંદ માટે લખાતું લખાણ સાહિત્યિક ના પણ હોય. અને એને સાહિત્યિક બનવાની કોઈ ઘેલછા કે ખેવના પણ ના હોવી જોઈએ. બસ માત્ર એ પોતાના સુધી જ સીમિત રહે છે. ના કોઈ મેગેઝિનમાં પ્રગટ કે ના કોઈ પુસ્તકરૂપ કે ના કોઈ સોશિયલ મીડિયા. પરંતુ જ્યારે આવા વ્યક્તિગત - નિજાનંદી લખાણોને સાહિત્યનું મહોરું પહેરાવીને પુસ્તકરૂપે કે સોશિયલ મીડિયા ઉપર પ્રગટ કરવામાં આવે છે ત્યારે અનેક પ્રશ્નો ઊભા થાય છે. એક ઉદાહરણ દ્વારા સમજીએ તો... શેરીમાં કે સોસાયટીમાં ક્રિકેટ ગમે તેમ રમી શકાય. એના કોઈ નીતિ નિયમો હોતા નથી. જેની બેટ એનો પહેલો દાવ, અમ્પાયર પણ ઘરના ને બાઉન્ડ્રી પણ પોતે નક્કી કરે તે. ખેલાડી પણ અગિયારને બદલે પાંચ, સાત કે નવ પણ ચાલે. પહેલા બોલે આઉટ થાવ તો ગુચ્ચા પણ કરી શકાય અને ફરીથી દાવ પણ લઈ શકાય. પણ જો નેશનલ કક્ષાએ ક્રિકેટટીમમાં પ્રવેશ મેળવવો હોય તો ? આંતરરાષ્ટ્રીય મેચો રમવી હોય તો ક્રિકેટ પદ્ધતિસર રમવું પડે, એના બધા જ નીતિ નિયમો શીખવા,સમજવા ને પાળવા પડે. બે ખેલાડી રમતા હોય તો સામે અગિયાર ખેલાડી એમને આઉટ કરવા પોતાની તમામ તાકાત લગાવતા હોય છે. અને એમાંથી શાંત ચિત્તે જે પાર ઉતરે એ સચિન કે વિરાટ કે ધોની બની શકે છે. સાહિત્યમાં પણ આવું જ છે.

સાહિત્યની સૌથી મોટી કરૂણતા એ છે કે એમાં નિજાનંદ માટે લખાતું લખાણ સાહિત્ય તરીકે પ્રતિષ્ઠા પામે એવી ઈચ્છા રખાય છે. નિજાનંદ માટે લખતા વ્યક્તિઓ પોતાની ઓળખ સાહિત્યકાર તરીકે થાય એવું સતત ઈચ્છતા રહેતા હોય છે. પરંતુ એવું નથી બનતું. કેમ કે સામેના અગિયાર ખેલાડીઓમાંથી કોઈ આવા નિજાનંદી ક્રિકેટરને કેચ આઉટ કે રન આઉટ કે એલ.બી.ડબલ્યુ કે બોલ્ડ કરી દે છે. ત્યારે તેઓને નથી ગમતું. તકલીફ પડે છે. અને આઉટ કરનાર સાથે ઝગડો કરે છે. પણ પોતે પરિશ્રમ કે અભ્યાસ કરીને સારા ક્રિકેટર ( કવિ કે લેખક ) બનવાના પ્રયાસો નથી કરતા. અને ઈચ્છે છે કે પોતાને સીધી સફળતા મળે.

મિત્રો, સાહિત્યકાર હોવું ને નિજાનંદી લેખક બનવું એ બન્નેમાં ક્રિકેટના ઉદાહરણ જેટલું અંતર છે. નિજાનંદના લખાણનો અર્થ છે નિજ (સ્વયમ)ના આનંદ માટે લખાયેલું લખાણ. જે લખાણ માત્ર લખનારને આનંદ આપે છે. બીજાને ના પણ આપે. તો પછી એને પ્રગટ કરવાની કે લોકોની સામે રજુ કરવાની શી જરૂર છે ? અને ધારો કે રજુ કરીએ છીએ તો એ લખાણને '' સાહિત્ય '' શા માટે માનવું જોઈએ ? અને કોઈ એની ટીકા કે સમીક્ષા કરે તો સહર્ષ સ્વીકાર થવો જોઈએ. અને જો સાહિત્યકાર થવું છે તો એના નીતિ નિયમો શીખવાની પુરેપુરી સમજદારી ને તૈયારી હોવી જોઈએ. સાહિત્યિક, સામાજિક, ભાષાકીય નીતિ નિયમો જાણવા, શીખવા પડે, એક ડૉક્ટર બનવા માટે પાંચ વર્ષ એમ.બી.બી.એસ. કરવું પડે છે. અને સર્જન બનવા માટે એના ઉપર બીજા બે વર્ષ (એમ.ડી) કરવા પડે છે. ત્યારે સ્પેશ્યાલિસ્ટ બની શકાય છે. આપણે ઉંમરમાં ગમે તેટલા મોટા, અનુભવી કે વિદ્વાન હોવા છતાંય નિજાનંદ માટે કોઈનું ઓપરેશન કરી શકતા નથી. કાગળ ઉપર મકાનનો નક્શો ચીતરવાથી સાચું મકાન નથી બનાવી શકાતું. એ માટે તો એન્જિનીયરની જ જરૂર પડે છે. જે તે વિષયના ઊંડા અભ્યાસની જરૂર પડે છે. અભ્યાસ પછી વર્ષોના વાંચન, અનુભવની જરૂર પડે છે. અને વર્ષોના અભ્યાસ પછી, વાંચન પછી, અનુભવ પછી જે કામ થાય, મકાન થાય કે ઓપરેશન થાય કે સાહિત્યિક કૃતિ રચાય... એ ટકે છે. બાકી તો ફેસબૂકના અને વૉટ્સપના ઈ-કચરામાં ક્યાંય સ્વાહા થઈ જાય છે. જો આટલી વાત સમજાય તો સર્વહિતાય છે. નહિતર નિજાનંદ માટે લખવાનું તો ચાલું જ છે.

મિત્રો, મેં સોશિયલ મીડિયા, સાહિત્ય અને નવોદિત સર્જકોને ઉદેશીને ઘણા લેખો લખ્યા છે, ઘણા મિત્રોને એમાંનું ઘણું નહી પણ ગમ્યું હોય પરંતુ આજે કોરોનાથી વાયરસથી વધુ ખતરનાક જાત જાતની ભ્રમણાઓ સાહિત્યની દુનિયામાં ફેલાયેલી છે, જેમાંથી મૂક્ત થવું હોય તો આવા કડવા કાઢા પીવાની ટેવ તો પાડવી જ પડશે ને ? સતત ગુલાબજાંબુ કે મીઠાઈઓ જ ( લાઈક્સ, કોમેન્ટ્સ અને વાહવાહી ) ખાવાથી શરીરને ( સાહિત્યને ) સ્વસ્થ નથી રાખી શકાતું. એ માટે તો તુરા, તીખા ને કડવા સ્વાદની ઔષધિઓ જ કામમાં આવે છે. કોઈપણ કવિ સીધો રમેશ પારેખ કે ઉમાશંકર જોશી નથી બની શકતો, કોઈપણ સર્જક સીધો નર્મદ કે ન્હાનાલાલ નથી બની શકતો. એણે જીવનના અને સમાજના અનેક કડવા ઘૂંટ પીવા પડે છે. શબ્દની સાધના, આરાધના કરવી પડે છે. ખૂબ, ખૂબ, ખૂબ વાંચવું, વિચારવું, સમજવું પડે છે, વર્ષો સુધી લખવું પડે છે. ત્યાર પછી કંઈક મૂલ્યવાન સર્જન થાય છે. જે વર્ષો સુધી ટકે છે. આ પ્રક્રિયા છે સાહિત્યકાર થવાની. હવે જે લોકો નિજાનંદ માટે લખે છે. જે લોકો કિનારે બેસીને સમુદ્રની વચ્ચે તરવાના અનુભવની વાતો કરે એ સાચા તરવૈયા કેવી રીતે બની શકે ? આજે સૌના મોબાઈલમાં અને કોમ્પ્યુટરમાં ઈ-કચરો ખૂબ વધતો જાય છે. એવી જ રીતે સાહિત્યમાં પણ ''શબ્દકચરો'' ખૂબ જ વધતો જાય છે. જેનું વજન પૃથ્વી કરતાંય વધારે હશે.

મિત્રો, સર્જક હોવું કે થવું એ સદભાગ્ય છે. હું તો માનું છે કે ઈશ્વરે દરેકના હદયમાં એક સર્જકક્ષણ મૂકેલી જ હોય છે. તેથી દરેક નિજાનંદ માટે લખતા લખવૈયાઓએ લેખક બનવા પ્રયત્નો કરવા જ જોઈએ. પરિશ્રમ કરવો જ જોઈએ. કોનામાં એ સર્જકક્ષણ ક્યારે પ્રગટી જાય એ કોઈને ખબર નથી હોતી. રાવજી પટેલ, મણિલાલ દેસાઈ, ભારતેન્દુ હરિશચન્દ્ર (હિંદી) જેવા નાની ઉંમરમાં મૃત્યુ પામનાર સર્જકો ખૂબ ઓછું લખીને પણ અમર થઈ ગયા છે. એમનું સાહિત્ય આજે પણ જીવે છે અને યુગો સુધી જીવતું રહેશે. પણ જો તમે જન્મથી કવિ કે સર્જક નથી તો શીખવું તો પડશે જ. વર્ષો સુધી શીખવાની પ્રક્રિયા ચાલું રાખવી પડશે. પરંતુ આપણી કરુણતા એ છે કે આજે માત્ર આપણી જ ભાષામાં નહી પણ પુરા દેશમાં અનેક લખવૈયાઓ કશુ જ શીખ્યા વિના, વાંચ્યા વિના, અભ્યાસ વિના મનમાં આવે એ બધુ, ગુગલમાંથી શોધખોળ કરીને જેમતેમ અખબારોમાં કૉલમો લખીને, સોશિયલ મીડિયામાં પ્રગટ કરીને લેખક હોવાના ભ્રમમાં જીવ્યા કરે છે. એમને કોઈ કશું જ કરી શકે એમ નથી. એમને કશું કરવું જોઈએ પણ નહીં. કેમ કે શેરીમાં ક્રિકેટ રમતા બાળકોથી કોઈના ઘરની બારીના કાચ ફૂટે તો બાળકોને દંડિત ના કરાય. એને સમજાવાય, અને ના સમજે તો આપણે ઘરની બારી બંધ રખાય. કેમ કે એ બાળક છે. શેરીમાં ક્રિકેટ કે બીજી કોઈ રમત રમવી એ એમનો અધિકાર છે. જરૂરી નથી કે બધા જ બાળકો સચીન, વિરાટ કે ધોની બને, રમેશ, રાવજી કે રઘુવીર બને.

મિત્રો, હું ઘણી વખત લખી ચૂક્યો છું કે આ સોશિયલ મીડિયાએ અનેક ઉગતા સારા સર્જકોની કલમોને ધ્વસ્ત કરી દીધી છે. અનેક પ્રતિભાશાળી કલમોને પ્રસંશાના ઝેર પાઈ પાઈને મૃતપાય બનાવી દીધી છે. સાહિત્યની

**અનુસંધાન પાના નં ૭ પર**

# 'વી': નામ નહીં, 'નેટવર્ક' સુધારવું પડશે...!



**રજળપાટ**
અજય ઉપાધ્યાય

હવે ભારતના એક સમયના સૌથી સફળ અને લોકપ્રિય મોબાઈલ સર્વિસ પ્રોવાઇડર્સ નવા નામે માર્કેટમાં ઉતરી રહ્યા છે, આમ તો માર્કેટમાં ઉતરી રહ્યા છે એટ્લે નવી શરૂઆત નથી કરી રહ્યા કેમકે એમાંય એક તો છેક ૧૯૯૫ થી મોબાઈલ સર્વિસ માર્કેટમાં છે અને બીજી ૨૦૦૭ થી અને બન્નેનો એક સમયે દબદબો હતો. વાત થઈ રહી છે વોડાફોન અને આઈડિયા ની. હમણાં જ બન્ને કંપનીના મર્જર પછી બન્નેએ પોતાનું નવું બ્રાન્ડનેમ 'વી' લોન્ચ કર્યું. ૨૦૦૭થી માર્કેટમાં આવેલ વોડાફોન નો V અને ૧૯૯૫ થી કાર્યરત આઈડિયાનો I...બોલે તો વી (VI). હવે જોવાનું એ રહે છે કે નામ બદલવાથી શું આ જોડીની કિસ્મત બદલી શકશે ? આવો ગંભીર પ્રશ્ન એટલા માટે કરવો પડે એમ છે કે જો હમણાં જ કોર્ટે રાહત ના આપી હોત તો આ બન્ને કંપનીને તાળાં લાગી જવાની પૂરેપુરી દહેશત વોડાફોન અને આઈડિયા બંનેના ઉપભોકતાઓને લાગી રહી હતી અને હજુ પણ આવનારો સમય આ બન્ને મોબાઈલ જાઈન્ટ માટે કપરો તો છે જ.

અને આ આવનારા કપરા સમય માટેનું કારણ બન્ને કંપનીઓની બગડતી જતી સર્વિસ ની સાથે સાથે આપણાં ગુર્જુ મુકેશભાઈની જીઓ પણ છે જ! નો સમજાયું હોય તો ટ્રાઇ (ટેલિફોન રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડિયા) ના ગયા મહિને બહાર પડેલા આંકડાઓ પર એક નજર થઈ જાય. આંકડાઓ મુજબ માર્ચ થી મે ૨૦૨૦ સુધીમાં એરટેલ, આઈડિયા અને વોડાફોનના હાથમાથી લગભગ ૨ કરોડ ૭૦ લાખ જેટલા ગ્રાહકો સરકી ગયા. વોડા-આઈડિયાના નેટવર્ક પરથી એકલા મે માહિનામાં જ લગભગ ૯૦ લાખ ગ્રાહકો રામ રામ કરી ગયા. આમથી લગભગ ૩૬ લાખ જેવા એ જીઓનો હાથ પકડ્યો અને 'વી' માટે ચિંતાની વાત એ છે કે ઉપર લખેલા ૨ કરોડ ૭૦ લાખમાથી ૧ કરોડ ૫૫ લાખ જેવા 'વી' ના અને લગભગ ૧ કરોડ ૧૨ લાખ જેટલા ગ્રાહકો એરટેલના છે. હજુ આનાથી વધુ આંકડાઓ જોઈએ તો સમજાશે કે ' વી ' માટે આગળનો સમય મુશ્કેલ કેમ છે.

આ સપ્ટેમ્બરમાં જેને માત્ર ચાર વર્ષ પૂરા થશે એ મુકેશભાઈના મહાત્વાકાંક્ષી 'જીઓ' એ ૨૦૧૬માં ભારતીય મોબાઈલ પ્રોવાઇડર ક્ષેત્રે ધમાકેદાર એન્ટ્રી મારી એની સાથે જ મોબાઈલ સર્વિસ ક્ષેત્રે હરિફાઇના એંધાણ મળી ચૂક્યા હતા. જીઓના સસ્તા પ્લાન સામે એરટેલ, વોડાફોન અને આઈડિયા જેવી ટોચની કંપનીઓએ રીતસર પોતાના પ્લાનમાં ફેરફાર કરવા પડેલા. જીઓ ખૂબ ટૂંકા સમયમાં સસ્તા પ્લાન અને આક્રમક માર્કેટિંગને લીધે આ ત્રણેયને ભારે પાડવા માંડ્યુ. જીઓનો મુકાબલો એકલા હાથે અશક્ય લાગતાં અને ઘટતા જતાં ગ્રાહકોને સાચવવા વોડાફોન અને આઈડિયા એ ૨૦૧૮માં એકબીજા સાથે હાથ મિલાવવાનું નક્કી કર્યુ ત્યારથી વોડાફોન આઈડિયા એવા નામે આ બન્ને કંપની સંયુક્ત રીતે કામ કરતી રહી. હવે જુઓ. ૨૦૧૮ માં જ્યારે આ બન્ને મર્જર થઈ ત્યારે બન્નેના મળીને લગભગ ૪૧ કરોડ ગ્રાહકો હતા. મુકેશ અંબાણી જે ' ડેટા ઈઝ ઓઈલ' કહે છે એને સાર્થક કરતું હોય એમ જીઓ હજુ પણ આક્રમક રીતે આગળ વધી જ રહ્યું હતું અને એનું પરિણામ એ આવ્યું કે જૂન ૨૦૨૦ માં વોડાફોન અને આઈડિયાની કુલ ગ્રાહક સંખ્યા રહી ગઈ માત્ર ૩૦ કરોડ. ગ્રાહકોની આ ગણતરીમાં માત્ર ચાર વર્ષ જૂની જીઓ ૩૯ કરોડ જેટલા કસ્ટ્મરો સાથે માર્કેટને લીડ કરી રહી છે. વોડા-આઈડિયા માટે તો એક ઓર સમાચાર શરમજનક છે કે આ જ ગાળામાં બીએસએનએલ પણ બે લાખ જેટલા નવા ગ્રાહકો મેળવવામાં સફળ રહી હતી. બાય ધ વે ભલે તમે બીએસએનએલ ને આઉટ ઓફ રેસ ગણતાં હોવ પણ આ સરકારી કંપની પાસે પણ લગભગ બારેક કરોડ ગ્રાહકો તો છે જ...!

કોલ-ડ્રૉપમાં આજકાલ આગળ ચાલી રહેલ આ બન્ને કંપનીઓ – વોડાફોન / આઈડિયા માટે ગ્રાહકોનો આ ડ્રોપ કોફીન પર આખરી કિલ જેવુ સાબિત થવા જઈ રહ્યું છે. પણ હજુ મુશ્કેલીઓ ઓર બાકી છે...! અને એ હતું એજીઆર. એજીઆર એટ્લે સરકાર દ્વારા ટેલીકોમ કંપનીઓ પાસેથી લેવાનો યુજર્સ ચાર્જ અને લાયસન્સીંગ ફી જે અનુક્રમે ૩ થી ૫ ૮ ટકા હોય છે.ટેલીકોમ વિભાગનું કહેવું છે કે એજીઆરની ગણત્રી કોઈપણ ટેલીકોમ કંપનીને થતી કુલ આવક અથવા આવકના આધાર પર થવી જોઈએ,બીજી તરફ ટેલીકોમ કંપનીઓનું કહેવું છે કે એજીઆરની ગણત્રી ફકત ટેલીફોન સેવાઓ થકી થતી આવકના આધારે જ થવી જોઈએ ગત વર્ષે સુપ્રીમ કોર્ટે ટેલીકોમ કંપનીઓને એજીઆરની બાકી રકમ તત્કાલ ચૂકવવા આદેશ કર્યો હતો. દેશની લગભગ ૧૫ ટેલીકોમ કંપનીઓને દૂરસંચાર વિભાગને રૂા.૧.૬૯ લાખ કરોડ ચૂકવવાના થાય છે. જો કે આમાથી મોટાભાગની તો બંધ થઈ ગઈ છે પણ જે છે એમાં વોડાફોન-આઈડિયા એ લગભગ ૫૦૦૦૦ કરોડ, એરટેલ ૨૬૦૦૦ કરોડ મુખ્ય છે. અગેન અહી પણ જીઓ ફાયદામાં રહી, કેમકે હજુ ચાર જ વર્ષ થયા હોવાથી જીઓ નું એજીઆર લેણું માત્ર ૧૯૬ કરોડ જ હતું અને જે એણે ભરી પણ દીધું...!

હવે એક તો તૂટતાં જતાં ગ્રાહકો અને ઘટતી જતી આવક વચ્ચે આટલી મોટી રકમ જો તતકાલિક ભરવાની થાય તો કંપનીને તાળાં જ લાગી જાય ને ? પણ ભલું થજો સરકારનું કે મોબાઈલ કંપનીઓની ખસ્તા હાલત જોતાં ખુદ સરકારે જ સુપ્રિમને આ રકમ ચૂકવવા ૨૦ વર્ષની મુદત આપવા માંગ કરેલી (કારણ કે જો આ કંપનીઓ બંધ થઈ જાય તો સૌથી વધુ નુકશાન તો સરકારને જ જાય એમ હતું) જેની સામે કોર્ટે ૧૦ વર્ષમાં આ રકમ ચૂકવી આપવાનો ચુકાદો આપતા હાલ તો 'વી' અને એરટેલના જીવ માં જીવ આવ્યો છે અને એ બંનેની સાથે સાથે એના ગ્રાહકોમાં પણ ! હવે આ બન્ને કંપની પાસે એટલિસ્ટ ૧૦ વર્ષ તો છે જ પણ જે રીતે સર્વિસ કથળી છે ખાસ કરી ને 'વી'ની) એ જોતાં બન્નેએ ગુમાવેલી શાખ અને ગુમાવેલા ગ્રાહકો મેળવવા માટે ખૂબ લાંબો અને અથાગ સંઘર્ષ કરવો પડશે. 'વી' અને ઈવન એરટેલ બન્ને માટે તકલીફ એ થવાની કે એક તો આવડી મોટી રકમ ૧૦ વર્ષમાં એકઠી કરવાની (જેને દર વર્ષે એક નિશ્ચિત હપ્તામાં ભરવાની છે) અને એની સાથે સાથે કથળેલી આર્થિક સ્થિતિ અને ખાડે ગયેલી નેટવર્ક કન્ડિશન એમ બે મોરચે લડાઈ લડવી પડશે. અને હા આ બધાની સાથે 'જીઓ' નામે ત્રીજો મોરચો તો છે જ..! 'વી' પોતાના મિનિમમ પેક ની કિમતોમાં વધારો કરીને અમુક અંશે કેશ ફ્લો મેળવી શકે છે કેમકે 'વી' ની એઆરપીયુ મતલબ એક યુજર પાસેથી મળતી એવરેજ રેવન્યુ ૧૧૪ રૂપિયા છે જ્યારે જીઓની ૧૪૦ અને એરટેલની ૧૫૭ છે. 'વી' કિમતોમાં વધારો કરીને અને અમુક નવા પ્રીમિયમ પેક ઓફર કરીને આ એઆરપીયુમાં વધારો કરી શકે છે આ ઉપરાંત ૨૫૦૦૦ કરોડ ખુલ્લી બજારમાથી એકઠા કરી શકે છે. જો કે આ બધુ તો આર્થિક સધ્ધરતા માટે છે પણ જે રીતે ગ્રાહકો તૂટી રહ્યા છે અને ખાસ તો 'વી' નું નેટવર્ક ગામડા તો ઠીક પણ શહેરોમાં પણ કવરેજની બહાર જતું રહે છે એ જોતાં આવનારા સમયમાં 'વી' એ ગુમાવેલી પ્રતિષ્ઠા પાછી મેળવવા સૌ પહેલા તો નેટવર્ક પર ધ્યાન આપવું પડશે, નહિતર વધ્યા -ઘટ્યા ૩૦ કરોડ યુજર્સ પણ ક્યારે નેટવર્કમાથી બહાર નીકળી જશે એની ખબર પણ નહીં પડે...!